# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-09-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : FRIDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર જયેશ વેગડા વાંચે છે.**

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિડીયો કોન્ફરન્સ દ્વારા બિહારમાં લાખ 75 મહિલાના ખાતામાં દરેકને દસ હજાર રૂપિયા ટ્રાન્સફર કરશે

2) પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું છે કે વૈશ્વિક રોકાણકારો, ખાસ કરીને ખાદ્ય ક્ષેત્રના રોકાણકારોને ભારત તરફ ખૂબ આશા છે.

3) કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે કોલકાતામાં ત્રણ દુર્ગા પૂજા પંડાલનું ઉદ્ઘાટન કરશે.

4) વિદેશ મંત્રી ડૉક્ટર એસ.જયશંકરે આતંકવાદ સામે લડનારાઓ ખરેખર આંતરરાષ્ટ્રીય સમુદાયની સેવા કરી રહ્યા હોવાનું જણાવ્યું

5) એશિયા કપ ક્રિકેટમાં આજે દુબઈમાં સુપર ફોર મેચમાં ભારત શ્રીલંકા સામે ટકરાશે.

**************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# PM-BIHAR YOJANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિડીયો કોન્ફરન્સ દ્વારા બિહારમાં મુખ્યમંત્રી મહિલા યોજનાનો શુભારંભ કરશે. શ્રી મોદી બિહારની 75 લાખ મહિલાઓના ખાતામાં દરેકને દસ હજાર રૂપિયા ટ્રાન્સફર કરશે.

પ્રધાનમંત્રી કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે બિહાર સરકારની આ પહેલનો ઉદ્દેશ્ય મહિલાઓને આત્મનિર્ભર બનાવી સ્વરોજગાર અને આજીવિકાની તકો દ્વારા મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપીને સશક્ત બનાવવાનો છે.

સાંભળીએ અમારા સંવાદદાતાનો એક અહેવાલ.....

(બાઈટ – ધર્મેન્દ્ર કુમાર રાય)

. . . . . . . . . . . . .

# PM - WORLD FOOD INDIA-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે વૈશ્વિક રોકાણકારો, ખાસ કરીને ખાદ્ય ક્ષેત્રના રોકાણકારો ભારત તરફ ખૂબ આશા સાથે જોઈ રહ્યા છે. ગઈકાલે નવી દિલ્હીમાં વર્લ્ડ ફૂડ ઈન્ડિયા કાર્યક્રમમાં બોલતા, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે સ્થાનિક માંગ ભારતને સ્પર્ધાત્મક અને રોકાણકારો માટે પસંદગીનો દેશ બનાવે છે. 21મી સદીના પડકારોનો સ્વીકાર કરતા, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે જ્યારે પણ વૈશ્વિક પડકારો ઉભા થયા ત્યારે ભારતે સતત સકારાત્મક ભૂમિકા ભજવી છે.

## (PM મોદી – ગ્લોબલ સિક્યુરિટી)

પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતો કે આજે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ છે. દેશમાં ઘણા સ્ટાર્ટઅપ્સ ખાદ્ય અને કૃષિ ક્ષેત્રે કામ કરી રહ્યા છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે કૃત્રિમ બુદ્ધિ, ઈ-કોમર્સ, ડ્રોન અને એપ્સ જેવી ટેકનોલોજીઓને ખાદ્ય ક્ષેત્રમાં એકીકૃત કરવામાં આવી રહી છે, જે પુરવઠા શૃંખલા, છૂટક વેચાણ અને પ્રક્રિયા પદ્ધતિઓમાં પરિવર્તન લાવી રહી છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે ભારતમાં સહકારી સંસ્થાઓ ડેરી ક્ષેત્ર અને ગ્રામીણ અર્થતંત્રને પુનર્જીવિત કરી રહી છે.

પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતો કે ખેડૂતો, પશુપાલકો અને માછીમારોની મહેનત અને સરકારી નીતિઓના સમર્થનને કારણે ભારતનું કૃષિ ક્ષેત્ર મજબૂત બન્યું છે. તેમણે નોંધ્યું હતું કે છેલ્લા દાયકામાં અનાજ ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે ભારત દૂધનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે, જે વૈશ્વિક દૂધ પુરવઠામાં 25 ટકા ફાળો આપે છે. દેશ બરછટ અનાજનો પણ અગ્રણી ઉત્પાદક છે. તેમણે નોંધ્યું હતું કે ભારત ચોખા અને ઘઉંના ઉત્પાદનમાં વિશ્વમાં બીજા ક્રમે છે. દેશ ફળો, શાકભાજી અને માછીમારીમાં નોંધપાત્ર યોગદાન આપે છે......1

# PM - WORLD FOOD INDIA-2

ચાર દિવસીય વર્લ્ડ ફૂડ એક્સ્પો ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્ર, ફૂડ ટકાઉપણું અને પૌષ્ટિક અને ઓર્ગેનિક ખોરાકના ઉત્પાદનમાં ભારતની શક્તિઓનું પ્રદર્શન કરી રહ્યું છે. આ કાર્યક્રમ ફૂડ પ્રોસેસિંગમાં ભારતની ક્રાંતિકારી સફરનું પ્રદર્શન કરશે અને આંતરરાષ્ટ્રીય સહયોગ અને રોકાણની તકોને પ્રોત્સાહન આપશે.

. . . . . . . . . . . . . . . . . .

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 126મી કડી હશે.

લોકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચન મોકલી શકે છે. ઉપરાંત નરેન્દ્ર મોદી એપ અથવા MyGov પોર્ટલ દ્વારા ઓનલાઈન પણ સૂચનો મોકલી શકાશે. સૂચનો મોકલવાનો આજે અંતિમ દિવસ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# AMIT SHAH KOLKATA

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે કોલકાતામાં ત્રણ દુર્ગા પૂજા પંડાલનું ઉદ્ઘાટન કરશે. તેઓ કોલકાતાના લેબુતલામાં સંતોષ મિત્રા સ્કાયર દુર્ગા પૂજા પંડાલનું ઉદ્ઘાટન કરશે. આ પૂજાની થીમ ઓપરેશન સિંદૂર પર આધારિત છે. શ્રી શાહ સેવક સંઘ દ્વારા આયોજિત બીજી દુર્ગા પૂજાનું પણ ઉદ્ઘાટન કરશે. બાદમાં, તેઓ સોલ્ટ લેકમાં પૂર્વીય ઝોનલ કલ્ચરલ સેન્ટર ખાતે દુર્ગા પૂજા ઉદ્ઘાટન કાર્યક્રમમાં હાજરી આપશે.

. . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . .

# JAISHANKAR G-20

વિદેશ મંત્રી એસ. જયશંકરે જણાવ્યું છે કે આતંકવાદ સામે લડનારાઓ ખરેખર આંતરરાષ્ટ્રીય સમુદાયની સેવા કરી રહ્યા છે. ન્યૂયોર્કમાં G-20 વિદેશ મંત્રીઓની બેઠકમાં ઓપરેશન સિંદૂર અંગે પ્રેઝન્ટેશન દરમિયાન, ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે આતંકવાદ વિકાસ અને શાંતિ માટે ખતરો છે. તેમણે કહ્યું હતું કે આતંકવાદીઓ વચ્ચે વ્યાપક નેટવર્કિંગ હોવા છતાં, જેઓ તેની સામે લડે છે તેઓ સમગ્ર આંતરરાષ્ટ્રીય સમુદાયને નોંધપાત્ર સેવા પૂરી પાડે છે. તેમણે કહ્યું હતું કે વિશ્વએ આતંકવાદી પ્રવૃત્તિઓ માટે શૂન્ય-સહિષ્ણુતા નીતિ અપનાવવી જોઈએ. વિદેશ મંત્રીએ પ્રતિબંધો લાગુ કરવામાં વૈશ્વિક વ્યવસ્થાના બેવડા ધોરણોની પણ ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે પ્રતિબંધો પુરવઠા અને લોજિસ્ટિક્સમાં વિક્ષેપ પાડે છે, ખર્ચમાં વધારો કરે છે અને રાષ્ટ્રો પર દબાણ લાવે છે.

ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે ઊર્જા, ખોરાક અને ખાતરોના વધતા ભાવ ખાસ કરીને ગ્લોબલ સાઉથ પર અસર કરી છે, જે શાંતિ અને વિકાસ પર નકારાત્મક અસર કરી છે. ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે ભારત આંતરરાષ્ટ્રીય શાંતિ અને વૈશ્વિક વિકાસ વચ્ચેના સહસંબંધ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમણે સૂચન કર્યું હતું કે આંતરરાષ્ટ્રીય સમુદાયે શાંતિને પ્રોત્સાહન આપવા અને જાળવવા માટે સંઘર્ષમાં વિરોધી પક્ષોને પ્રભાવિત કરવા સક્ષમ દેશોનો ઉપયોગ કરવો જોઈએ. તેમણે ટકાઉ વિકાસના પાયા તરીકે શાંતિને મજબૂત કરવા અને બધા માટે વધુ સુરક્ષિત અને ન્યાયી ભવિષ્યની ચાવી તરીકે બહુધ્રુવીય વિશ્વ જાળવવા માટે સામૂહિક પ્રયાસો કરવા હાકલ કરી.

. . . . . . . . . . . . . . . . . . . . .

# NATIONAL-WATER SECURITY

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ અને જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલે સંયુક્ત રીતે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય જળ સુરક્ષા મિશનનો પ્રારંભ કરાવ્યો.

આ પ્રસંગે શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે મનરેગા ભંડોળનો ચોક્કસ ભાગ હવે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ – મનરેગા હેઠળ પાણી સંરક્ષણ પ્રોજેક્ટ્સ પર ફરજિયાતપણે ખર્ચવામાં આવશે. તેમણે જણાવ્યું કે મનરેગાએ જોગવાઈ કરી છે કે "ભારે પાણીની તંગીનો સામનો કરી રહેલા ગ્રામીણ બ્લોક્સ" માં મનરેગા ભંડોળનો 65 ટકા પાણી સંરક્ષણ પ્રોજેક્ટ્સ પર ખર્ચ કરવામાં આવશે. તેવી જ રીતે, મધ્યમ પાણીની તંગીનો સામનો કરી રહેલા ગ્રામીણ બ્લોક્સમાં મનરેગા ભંડોળનો 40 ટકા પાણી સંરક્ષણ પ્રોજેક્ટ્સ પર ફાળવવામાં આવશે અને ખર્ચ કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે આ પહેલ ભવિષ્યની પેઢીઓ, પશુધન, વન્યજીવન, પર્યાવરણ અને કૃષિને લાભ આપશે.

જળ શક્તિ મંત્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હંમેશા પાણી સંરક્ષણને ટોચની પ્રાથમિકતા આપી છે. તેમણે ઉમેર્યું હતું કે આ નિર્ણય પાણી સુરક્ષા અને ગ્રામીણ વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

. . . . . . . . . . . . . . . . .

# ASIA CUP CRICKET

એશિયા કપ ક્રિકેટમાં આજે દુબઈમાં સુપર ફોર મેચમાં ભારત શ્રીલંકા સામે ટકરાશે.

દરમ્યાન પાકિસ્તાન એશિયા કપ ક્રિકેટની ફાઇનલમાં પહોંચી ગયું છે. દુબઈમાં સુપર ફોર મેચમાં પાકિસ્તાને ગઈકાલે બાંગ્લાદેશને અગિયાર રનથી હરાવ્યું. રવિવારે ફાઇનલમાં પાકિસ્તાનનો મુકાબલો ભારત સામે થશે. એશિયા કપના 17 આવૃત્તિઓમાં પહેલી વાર ભારત અને પાકિસ્તાન ફાઇનલમાં એકબીજા સામે ટકરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, ઓડિશા અને તેલંગાણામાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. વિભાગે આવતીકાલ સુધી છત્તીસગઢ, કર્ણાટક, કેરળ, માહે, કોંકણ, ગોવા, લક્ષદ્વીપ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદની આગાહી કરી છે. વિભાગે જણાવ્યું હતું કે આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન આંદામાન અને નિકોબાર ટાપુઓ પર વીજળી અને ભારે પવન સાથે વાવાઝોડાની શક્યતા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિદ્ધી ઉંધાડ

- લદાખમાં સર્જાયેલી સ્થિતિ અંગેના સમાચારને મોટા ભાગના અખબારોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- નવગુજરાત સમય લખે છે હિંસાના બીજા દિવસે લદ્દાખમાં અજંપાભરી શાંતિ
- વાંગચૂકની સંસ્થાનું FCRA લાઇસન્સ રદ, પાકિસ્તાન કનેક્શનની પણ તપાસ કરશે- આ સમાચાર સંદેશ હેડલાઇન બનાવ્યા છે
- ગુજરાત સમાચાર પ્રથમ પાને લખે છે, નાસાએ ત્રણ વેધર મિશન્સ તરતાં મૂક્યાં : સૂર્યમાં થતા ફેરફારની પૃથ્વી પરની અસરનો અભ્યાસ થશે
- વાયુ સેના કરશે સૌથી મોટી ડીલ : મળશે 87 તેજસ વિમાન- ફૂલછાબે આ સમાચાર પ્રથમ પાને છાપ્યા છે
- ગુજરાત સમાચાર છેલ્લા પાને લખે છે ગુજરાતમાં શનિવારથી ચાર દિવસ ભારે વરસાદ માટે એલર્ટ
- આ ઉપરાંત એશિયા કપમાં ભારત શ્રીલંકા, વેસ્ટ ઈન્ડિઝ સામેની શ્રેણી માટે ભારતીય ટીમની જાહેરાત સહિતના સમાચાર વિવિધ અખબારોના રમતગમત પાને જોવા મળી રહ્યા છે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .